---

**ફરીયાદીની સી.આર.પી.સી.કલમ ૩૧૯ મુબજની આંક–૦૯ ની અરજી નીચે હુકમ.**

---

(૧) ફરીયાદીના વિ.વકીલશ્રી દ્વારા સદર અરજી આપી રજુઆત કરેલ છે કે,આ કામના ફરીયાદી દ્વારા સામાવાળ વિરુધ્ધ ''ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ''ની જોગવાઈ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદની હકીકત મુજબ સામાવાળા દ્વારા ફરીયાદીની કંપનીમાંથી તેઓ દ્વારા ઉત્પાદીત કરવામાં આવતી પ્રોડકટની ખરીદી કરવામાં આવેલ હતી.તે ખરીદી બાદ તેઓ દ્વારા માલ ડીલેવર થઈ જતા માલ સબબનું ઈન્વોઈર્સ બીલ જણાવવામાં આવતા બીલ મુજબની રકમ ચેક આપવામાં આવતા ફરીયાદી દ્વારા ચેક બેન્કમાં વટાવતા તે પરત ફરેલ અને જે સબબ સામાવાળાને જાણ કરવા છતાં આજદીન સુધી નાણા ન ચુકવાતા ફરીયાદ કરેલ છે.જે ફો.કે.નં.૪૨૯/૨૧થી ચાલે છે. આમ,સામાવાળાએ અમો ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરેલ અને માલ ખરીદીના નાંણા ચુકવેલ નથી.આ બાબત જોતા તેઓનો પ્રથમથી જ ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરવાનો ઈરાદો હોય તે બાબત પ્રસ્તાપીત થાય છે. વધુમા, જણાવેલ છે કે,**સામાવાળાની કંપની ઓથોરાઈઝ્ર એવા પ્રોપરાઈર્ટર ઈસાની અજય ખડેપાવ તથા હેતલ અજય ખડેપાવ બન્ને અમો ફરીયાદી કંપની પર આવી સદર માલની ખરીદી કરેલ હતી તથા ખરીદી બાદ આ હેતલ અજય ખડેપાવ દ્વારા ચેકો સહિ કરી આવપામાં આવેલ હતા. આમ,**આ તીલક ટ્રેડિંગના પ્રોપરાઈર્ટર એવા ઈસાની અજય ખડેપાવ જે સદર સામાવાળા કંપનીના પ્રોપરાઈર્ટર હોય જે તેઓના જી.એસ.ટી.સર્ટીફીકેટ પરી માલુમ પડે છે જે આ સાથે રજુ રાખલ છે. તથા સદર માલની ખરીદી બાદ આ હેતલ અજય ખડેપાવ દ્વારા ચેક આપવામાં આવેલ જે રજુ રાખેલ છે. આમ,સામાવાળા કંપની પ્રોપરાઈર્ટર તથા ચેક ઈશ્યુ કરનાર બંબન્નેએ સાથે મળીને અમો ફરીયાદી સાથે ''ધ નેગોશ્યેબલ ઈન્સ્ટ્રેમેન્ટ એકટ'' ની જોગવાઈનું ભંગ કરી ગુન્હો કરેલ હોય જેથી સી.આર.પી.સી.કલમ:૩૧૯ મુજબ તેઓ પર આરોપનામું ઘડી તેઓ સામે કાયદા મુજબ કાર્યવાહી કરવા અરજ કરેલ છે.

(૨) સદર સામે આંક –૧૩ થી આરોપી દ્વારા લેખિત વાંધા જવાબ રજુ કરેલ છે જેમાં ફરીયાદી તરફે કરવામાં આવેલ અરજી રદ થવાને પાત્રને છે તેમજ આવા પ્રકારની અરજી આપવાનો કાયદેસરનો કોઈ હકક કે અધિકાર મળતો નથી અને તેવા કારણસર પણ સદર અરજી રદ થવાને પાત્ર છે. તેમજ સદર કામે નવા આરોપીને દાખલ કરી શકાય નહી અને તીલક ટ્રેડીંગ કંપની દર્શાવવામાં આવેલ છે તે સામાવાળાની નથી અને ફરીયાદીએ કાયદા મુજબની કોઈ નોટીસ આરોપીઓને આપવામાં આવેલ નથી.જેથી અરજી રદ કરવા વિનંતી કરેલ છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટની સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નંબર ૪૫૩૬/૨૦૧૫ તા.૦૩/૦૩/૨૦૧૬ની નકલ રજુ રાખી તેના પર આધાર રાખેલ છે.

(૩) અરજી વંચાણે લીધી, ફરીયાદપક્ષે વિ.વકીલશ્રીને સાંભળ્યા, આરોપીપક્ષે વિ.વકીલશ્રીને સાંભળ્યા.ફરીયાદપક્ષે રજુ રાખેલ કાનુની ચુકાદાઓ ધ્યાને લેવામાં આવેલે. તેમજ આરોપીપક્ષે કરેલ રજુઆતો ધ્યાને લેવામાં આવે છે. સદર અરજીનું સાધનીક રેકર્ડ વંચાણે લેતાં, આ કામે સૌપ્રથમ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ફરીયાદ તીલક ટ્રેડીંગ કંપની સામે દાખલ કરેલ છે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ એક સ્પેશીયલ જોગવાઈઓ ધરાવતો કાયદો છે અને તે મુજબ તેમાં ચેક પરત ફર્યા બાદ કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરતા પહેલા કાયદા ધ્વારા કરેલ આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરવું આવશ્યક છે. આ કામે ફરીયાદી ધ્વારા સી.આર.પી.સી. ૩૧૯ મુજબની અરજી રજુ રાખી આરોપી તરીકે પ્રોપરાઈટર ઈશાની અજય ખડેપાવ તથા હેતલ અજય ખડેપાવ બન્ને તીલક ટ્રેડીંગના પ્રોપરાઈટર તરીકે ખરીદી કરેલ હોવાનું જણાવી કંપનીના પ્રોપરાઈટર ઈશાની અરજ ખડેપાવને સી.આર.પી.સી. ૩૧૯મુજબ આ કામે આરોપી તરીકે જોડવા અરજ ગુજારેલ છે. જે પરત્વે કાયદાકીય જોગવાઈઓ જોતાં આ કામે ફરીયાદ દાખલ કરતા પહેલા માત્ર તીલક ટેડીંગ કંપનીનું નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ મુજબની વૈધાનિક નોટીસ પાઠવવામાં આવેલ છે અને ત્યારબાદ સદર કાયદાની જોગવાઈ મુજબ હાલની ફરીયાદ

કોર્ટ રુબરુ દાખલ કરેલ છે ત્યારે સી.આર.સી.પી. કલમ–૩૧૯ની જોગવાઈઓ ધ્યાને લ ેવામાં આવે તો નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદમાં કાયદાકીય જોગવાઈઓ અનુસર્યા સીવાય ફરીયાદ અંગે કોગ્નીઝન્સ લીધા બાદ ૩૧૯ની જોગવાઈઓ લાગુ પાડી ફરીયાદપક્ષે કરેલ અરજ મુજબ આરોપીને જોડી શકાય તેમ ન હોય જેથી આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ ચુકાદાને માનપુર્વક વંચાણે લેવામાં આવલ છે અને તેમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત નમ્રપણે સમંત થાય છે. પરંતુ હાલના કેસના સંજોગ રજુ રાખેલ ચુકાદાના કેસની હકીકતોથી ભીન્ન હોય ફરીયાદપક્ષને તે મદદરૂપ થતા ન હોય, જેથી તે લાગુ પાડી શકાય તેમ ન હોય, ન્યાયના વિશાળ હીતમાં હુ નીચે મુજબનો હુકમ કરવાનું ન્યાયી માનું છુ.

**<u>હુકમ</u>**

ફરીયાદીની સી.આર.પી.સી.કલમ ૩૧૯ મુજબની આંક–૦૯ હેઠળ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

હળવદ.

તા.૦૪/૦૨/૨૦૨૬

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.